કળિયુગનાં કૌતક.

ભાગ ૧ લો.

યોજક અને પ્રકાશક.

મોતીલાલ છોટાલાલ વ્યાસ.

ઉમરેઠવાળા.

સંવત ૧૯૬૯.) પ્રથમાવૃત્તિ-પ્રત ૫૦૦૦. (સને ૧૯૧૩.

Printed at the Mahikantha Gazette Printing
Press by Motilal Chhotalal Vyas—
Kalupur Road-Ahmedabad.

કીંમત રૂ: ૦-૧-૦.

તમારે જીવન સુધારવું છે ? હા.

જીવનોદય. એ શું છે.

અસાધ્ય રોગ મટાડનાર અમૃતવેલી છે. એક શીશીથી આખું દવાખાનું ખોલી શકાય છે. વૈદ ડાકતરનાં બીલ ચુકવી થાકયા હો તો જીવનોદય જરૂર વાપરો તે સંકટ વખતે તમારો મીત્ર થઇ પડશે. ટુંકામાં એટલુંજ કે તે દીર્ઘાયુષ્ય ભોગવવાની રૂકત આ એટલી જ દવા છે અંદરનાં તેમજ બહારનાં તમામ દરદો મટાડે છે દુઃખ દરદોનો તત્કાળ નાશ કરે છે એક શીશીથી આખુ દાવાખાનું ખોલી શકાય છે વાસકોટના ગજવામાં આખુ દવાખાનું રહિ શકે છે વાપરવાની રીત બાટલી સાથે. કેટલોગ મંગાવો. મફત કી. ૨–૨॥ તે સાથે ટાઇમપીસ બેટ.

સબ માલ મીલનેકા પત્તા.

રોઝીના ડેપો. અમદાવાદ.

તૈયાર છે. મંગાવો.

પુરાતની શાસ્ત્રોનો સારને આત્મ જ્ઞાનથી ભરપુર

નવી મહાન શોધ અજબ નવાઇ.

દુનીઆમાં કપટ કરનાર કોણુ છે હોયતો આવીજાવ ને હમારી નવીન આત્માજ્ઞાન વાળી

☞ કર્મબાજી ☜

સાથે રમોકે કપટનું ચપટ કેવી રીતે થાય છે તેની ખાત્રી આ બાજી કરી આપે છે આ બાજી મનને આનંદ પમાડી દીલગીરી દુર કરે છે ચાર આનાની પોષ્ટની ટીકીટો બીડી જરૂર આ બાજી મંગાવી જુઓ અને રમો વી. પી. થી. ખર્ચ વધુ આવે માટે ટીકીટો બીડી બાજી મંગાવવી રમવાના સાહિત્ય સાથે કી. ૦–૪–૦

સરનામું રોઝીના ડેપો અમદાવાદ.

કળિયુગનાં કૌતક.

અંક ૧ લો]

રાગ ચાબખાનો

કૌતક કળિયુગનાં કેવાં, જુઓ ભાઇ છે જોવા જેવાં. ટેક.
કળિકાળ વિકાળ દીસે છે, જોતાં ઉપજે ત્રાસ;
આણુ હાણુ વર્તાવી એણે; પ્રકટ પાપનો ભાસ. કૌતક. ૧
હજી વર્ષ વિત્યાં છે જોને, લગભગ પાંચ હજાર;
પ્રબળ બતાવ્યું પુરૂ એણે, ખામી નહિ લગાર. કૌતક. ૨
જુઠ પ્રપંચ જગોજગ વ્યાપ્યાં, દ્વેષ કલેશ ભરપુર;
દયા દીનતા દ્રષ્ટે ન પડે, બન્યા મનુષ્યો ક્રુર. કૌતક. ૩
પરધન હરવા પ્રીતિ પૂરી, પરદારા પર પ્રેમ;
અધર્મ આચરતાં નથી ડરતાં, જન મન સમજી ક્ષેમ. કૌતક. ૪
ધર્મ—કર્મ અંતર ના રૂચે, રૂચે દીઠે પાખંડ;
આડંબર રાખી ઉપરથી, ચાંપો કરે પ્રચંડ. કૌતક. ૫
સ્નેહ સગાઇ ગણે નં ઘટમાં, વટની નહિ દરકાર;
પણ ચૂકે પાઇ માટે પળમાં, કાઢે નક્કી નકાર. કૌતક. ૬
ન્યાય નીતિ પર લેશ ન પ્રીતિ, પુરે ખોટી શાખ;
ઘડી ઘડીમાં બદલી બોલે, માઠો મન અભિલાખ. કૌતક. ૭
હરામનું ધન મેળવવાની, હિકમત કરે અનેક;
નેક ટેકની તમા નહિને, બને છાકટા છેક. કૌતક. ૮

પર દ્રવ્યે ભોગવવા ઇચ્છે, હરનીશ પરમાનંદ;
ફોકટનું મેળવવા માટે, કરતા મોટી ફંદ. કૌતક. ૯
પરમાર્થ અંતર ના રૂચે, ખુંચે રૂડી વાત;
સ્વાર્થ સાધવા સદૈવ ઇચ્છે, રે' તેમાં રળિયાત. કૌતક. ૧૦
વ્હાલામાંથી હેત ગયુંને, રસ વિણ ફળ પેખાય;
પૃથ્વીનો રસ ચોરાઈ ચાલ્યો, વાડ ચીભડાં ખાય. કૌતક. ૧૧
દુધાળાંનું દૂધ ઘટયુ ને; ઘટયો કાર વ્હેવાર;
અધીરાઇ અતિ વધી પડી છે, જુઓ શેઠ શાહુકાર. કૌતક. ૧૨
પિતા પૂત્રને પતિ પત્નિમાં, ન મળે સાચો પ્રેમ;
ભાઇઓ ભાઈનાં અંતર જૂદાં, વ્હેમ! વ્હેમને વ્હેમ. કૌતક. ૧૩
ગોવિક્રય–કંન્યા વિક્રયનો, વધ્યો વધુ વેપાર;
મડા સાથ મીંઢળ બાંધે છે, જુઓ પિતાનો પ્યાર. કૌતક. ૧૪
બ્હેન તણું ખાવાને ભાઇઓ, રે'તા તત્પર રોજ;
વસી બનેવી ઘરમાં વાસો, માણે રૂડી મોજ. કૌતક. ૧૫
માતા મારે પૂત્ર હાથથી, તજી હૃદયનું વ્હાલ;
કુલાંગનાઓ કુલટા બનિને, ચાલે અવળિ ચાલ. કૌતક. ૧૬
પુરૂષ પારધિ જેવા થઇને, દે છે સ્ત્રીને દુઃખ;
એક ઉપર બીજીને લાવી, સમજે તેમાં સુખ. કૌતક. ૧૭
પત્નિ વૃત નવ પાળે પુરૂષો, બાંધે ગણિકા પ્રિત;
જાય પ્રતિષ્ટા જરા જુએ નહિ, વ્યર્થ ગુમાવે વિત્ત. કૌતક. ૧૮
પૂત્ર અગર પૈસાને અર્થે, જુવતી રમતી જાર;
વનિતાઓ વંઠીને આખર, ખરે થાય છે ખ્વાર. કૌતક. ૧૯
ગૃહીણી ધર્મ તજીને તરિયા, લજવે છે ગૃહરાજ;
સુંદરીઓ સેતાન બનીને, કરે લાજનું છાજ. કૌતક. ૨૦

વિધવા વામાઓ વર્તેછે, વિચિત્ર રીતે હાય !
સ્વધર્મને સળગાવે પોતે, લગાડિ અનીતિ લ્હાય. કૌતક. ૨૧
કે પૂત્રી કે પૂત્ર વધુથી, કરતા જન વ્યભિચાર;
હાય! હાય! હૈયા ફૂટ જઈએ, સાંભળિ કામ વિકાર. કૌતક. ૨૨
બ્રહ્મચર્ય રક્ષણ કરવાનું, ભૂલી ભટકે જંન,
કામ વાસના વસે હૃદયમાં, ટાળે તન મન ધન. કૌતક. ૨૩
કુલટા કામિનીઓ પતિ સેવા, કરે ન ધરિને પ્રિત;
દર્શન અર્થે દેવ મંદિરે, દોડી જાયે નિત્ય. કૌતક. ૨૪
હોય ભાવ અંતરમાં જુદો, રાખે ખોટો ડોળ;
ઠાઠ બતાવી ઠગતી પતિને, કળા વાપરી સોળ. કૌતક. ૨૫
ઘર ધંધામાં ધ્યાન ન રાખે, કરે કારમાં કામ;
સ્વામિને સંતાપે રોજે, ખર્ચાવી ખુબ દામ. કૌતક. ૨૬
ખાવું પીવું ખુબ ખર્ચવું, સમજે એ કર્ત્તવ્ય;
વિચારતી નથી વામાઓ કંઈ, સવ્ય અને અપસવ્ય. કૌતક. ૨૭
પિશાચરૂપી પત્નિ મળતાં, પતિ પામે પરિતાપ;
કાયર થઇને કપાળ કૂટે, વેઠે કષ્ટ અમાપ. કૌતક. ૨૮
વિધ વિધનાં વસ્ત્રાભૂષણ, મેળવવા માંડે રાઢ;
દીવસ ઉગતાં દંપતિ વચ્ચે, જુઓ થાય વઢવાઢ. કૌતક. ૨૯
આજ્ઞા માત પિતાની પૂત્રો, પાળે નહિ લવલેશ;
સંતાનો સંતાપે હરનીશ. અરે! કરે છે કલેશ. કૌતક. ૩૦
નેક ટેક કુળનો નવ રાખે, ભાખે ભુંડાં વેણ;
માને નહીં માબાપો કેરાં, કપૂત હિતકર કેણ. કૌતક. ૩૧
નફટ અને નાદાન થઇને, બહુ કરતા બદફેલ;

બાપ તણું બોળે છે તનુજો, બનીને છેક છકેલ. કૌતક. ૩૨
કુલ વધુઓ પણ વિચિત્ર વર્તે, તજી કુલ મરજાદ;
સાસુ સસરાને નથી દેતી, જુઓ લગારે દાદ. કૌતક. ૩૩
આમન્યા રાખે નવ લગીરે, બોલે સામા બોલ;
ઘરડાં થાતાં ઘટી જાયછે, અરે! તેમનો તોલ. કૌતક. ૩૪
વૃદ્ધ વડિલની વાત ગમે નહિ, રાખે નહીં જરી માન,
સઘ શખણી જેવું વદતી, અરે ! રાંડ નાદાન. કૌતક. ૩૫
પોતે બાળ છતાં બાળકનાં, માતપિતા બની જાય;
કદી વાર લાગે તેમાંતો; મનમાં અતિ મુઝાય. કૌતક. ૩૬
સ્વધર્મ શું મારો છે એતો, સમજે નહિ લગાર
કથા વારતા સાંભળવાને, દોડે વારંવાર. કૌતક. ૩૭
કુકર્મ કાળાં કરતાં લગીરે, ડરે નહિ દીલ માંહ ;
ભ્રષ્ટ ભામિની જ્યાં ત્યાં ભટકે, ધરે ન ભીતિ ક્યાંય. કૌતક. ૩૮
લટકો મટકો કરીને ચાલે, મ્હાલે ધરિ અભીમાન:
પતિ પોમલા વશ વર્તે છે, રહી તેમાં ગુલતાન. કૌતક. ૩૯
નાચે તેમ નચાવે નિત્યે; ધરે ન લજ્યા લેશ;
ફેલ ફીતુર કરીને ફાવે, ધરે જૂજવા વેશ. કૌતક ૪૦
સેવા માત પિતાની મુકી, માનીનિને ચિત્ત ચ્હાય;
તન મન ધન તેને જાણીને, કુલટાથીજ કુટાય. કૌતક. ૪૧
ભગિનીને ભૂલી સાળીનાં, પુરે પ્રિતે કોડ,
ભત્રીજાં-ભાણેજાં મુકી, રાખે જોડા જોડ. કૌતક. ૪૨
ભાઇઓ ભૂખે મરતા ભાળે, સાળા મારે મોજ;
કુટુમ્બનું અભિમાન તજીને, ઘટાડતા ઘરબોજ, કૌતક. ૪૩

ભાઇઓ ભાઇમાં વેર વધારે, ઘરઘર દીસે કુસંપ,
હાય લ્હાય સળગી છે સઘળે, જરા મળે નહીં જંપ. કૌતક. ૪૪
પૂત્ર પિતાને દગો કરેછે, ગણે ન સ્નેહ સંબંધ;
ભાઇનું ખાવા ઇચ્છે મનમાં, કરે કપટ અતી અંધ. કૌતક. ૪૫
લખેશરી થવાની મનમાં, ધરે લાલસા હાય;
ખરે ખૂટતાં વાર ન લાગે, અખજ ખાંતથી ખાય. કૌતક. ૪૬
ગુણને બદલે અવગુણ કરીને, હૈયે જન હરખાય,
લાભ ખાટવા લક્ષ રહેછે, ચહે ન નીતિ ન્યાય. કૌતક. ૪૭
સમય પ્રમાણે વર્ષ અરેરે! એક એકને ખાય,
વૃષ્ટી નથિ નિયમીત થતીને, દુકાળ દુઃખ દેખાય. કૌતક. ૪૮
વિવિધ જાતના રોગ વધ્યા છે, મળે ન જનને સુખ;
તનમન શેકાતાં સંતાપે, દુઃખ દુઃખને દુઃખ. કૌતક. ૪૯
વર્ણાશ્રમ વિછિન્ન થવાને, રાખે મન અભિલાષ;
વેદ સનાતન ધર્મ તજીને, ખોળે ખાંચા ખાસ. કૌતક. ૫૦
કપોળ કલ્પીત વાક્યુદ્ધના, ઝગડા જગવે નિત્ય,
સ્વધર્મ પ્રત્યે શ્રદ્ધા છોડી, ખોળે છીદ્ર ખચીત. કૌતક. ૫૧
વાડા માંહી કરે વધારો, રોપે કુસંપ બીજ,
અરે મનોબળ નષ્ટ થયું છે, ચડે ન તેની ખીજ. કૌતક. ૫૨
સ્વધર્મ શું એ સમજે નહીં ને સ્વછંદમાં ચકચૂર,
આશ્રમની આમન્યા લોપી, ભ્રષ્ટ થયાં ભરપુર. કૌતક ૫૩
બ્રહ્મચારી ભોગી ભાસેછે, ગૃહસ્થાશ્રમ દુખરૂપ,
વાનપ્રસ્થ વાતોમાં વાસયું, કયાં સન્યસ્ત અનૂપ. કૌતક. ૫૪
વેષધારી વૃદ્ધી પામ્યા છે, અધર્મ વ્યાપ્યો સ્પષ્ટ;
ચરીત્ર ચિત્ર બતાવું સુગતું, કથતાં ઉપજે કષ્ટ. કૌતક. ૫૫

ધર્મ ગુરૂને ધર્માચાર્યો, ધર્મ તણી જે ઢાલ;
અરે! આચરણુ નીખિ નયને, પ્રગટે દીલમાં જવાળ. કૌતક. ૫૬
રાગ દ્વેષમાં રાચે નિશદીન, વ્હાલી વિગ્રહ વાત;
કામ ક્રોધ મદ મોહ તજે નહિ, વિષયાધિન સાક્ષાત. કૌતક. ૫૭
આપે નહિ ઉપદેશ લેશ એ, ગર્થ ગાંઠવા ચાહ્ય;
ઝગડા-રગડા ગોઠે ઘટમાં, શાન્તિ નહીં જરાય. કૌતક. ૫૮
કલ્પ વૃક્ષ સમ કહેવાતાએ, હીતકર જે હમેશ;
જુઓ ઝરે અંગારા ત્યાંથી, ઉપજે તેથી કલેશ. કૌતક. ૫૯
અરે ! ફાંકડા થઈને ફરતા, સદ્ય સમારે કેશ;
વૈભવ ભોગવવા અંતરમાં, એકજ છે ઉદ્દેશ. કૌતક. ૬૦
લાડિ-વાડિ અને ગાડિની, માણે રૂડી મોજ;
રાસ રમે રામાઓ સાથે, ઘટયું ગુરૂનું ઓજ. કૌતક. ૬૧
ગાથા જ્ઞાન તણી નવ ગોઠે, વિષય વાત પ્રિય ઉર,
શાસ્ત્ર તણી મર્યાદા મુકી, રહે શાસ્ત્રથી દૂર. કૌતક. ૬૨
ધર્મ-કર્મમાં ધ્યાન ન આપે, સીંચે નહીં સુબોધ,
લુબ્ધ રહી લક્ષ્મીને માટે, કરતા ક્રોધ વિરોધ. કૌતક. ૬૩
બાર પહોર બત્રીસ ઘડિમાં, સુઝે નહિ સુવિચાર;
શું ઉકાળે શિષ્ય તણું એ, ભાસે ભ્રષ્ટાચાર. કૌતક. ૬૪
પરમાનંદ કરે પર પૈસે, સમજે એકજ વાત;
ખાન પાન વળિ ગાન તાનમાં, રહે સદા રળિઆત. કૌતક. ૬૫
નાટક ચેટક નાચ તમાસા, નિર્ખે નયણે નિત્ય;
વિપરીત ચાળે ચઢીને ખર્ચે, અઢળક દ્રવ્ય ખચિત. કૌતક. ૬૬
પંડિત કે સજ્જનની સાથે, બેસે નહિ પળવાર;

મેળાપી મુરખના રહે છે, ભડુવા ઉપર પ્યાર. કૌતક. ૬૭
વિવિધ વ્યસનને વશ થઇ રહેતા, ભૂલી મનનું ભાન;
કહે કુછંદી તેમજ ફરતા, બની છેક નાદાન. કૌતક. ૬૮
નિત્ય નવીન ધરી ડ્રેસ જુજવા, હૈયે બહુ હરખાય,
ભામાઓને ભોળવવાને, ચિત્તમાં રોજે ન્હાય. કૌતક. ૬૯
કુલટાઓને કોડ ધરીને, બોલાવે એકાન્ત;
કામવાસના કુડી મનમાં, કહો રહે કયમ શાન્ત. કૌતક. ૭૦
ભેટ લેવી ને પેટજ ભરવું, મોજમઝાની સાથ;
સાર્થક એ સમજે ગુરૂઓ ત્યાં, હિત કયમ આવે હાથ. કૌતક ૭૧
માન-તણી લાલચ રાખે છે, ધરી મિથ્યા અભિમાન;
ગુરૂપદ્વિ પામ્યા છે તોપણ, ઘટમાં ન મળે જ્ઞાન. કૌતક. ૭૨
પવિત્ર ચિત્ર ચરિત્ર ન ભાસે, ત્રાસે જોતાં તાલ;
ધર્મસ્થંભ આ યુગના એવા, ચાલે વિપરીત ચાલ. કૌતક. ૭૩
આસક્તિ હરીહરની ન મળે, ચિત્ત ચકરડાં ન્હાય;
ભજ કલદારં, ભજ કલદારં, આપે બોધ બધાય. કૌતક. ૭૪
મનમાં જાણે મોજ માણવા, પદ પામ્યા ઉત્કૃષ્ટ;
ઊંચી નજરે ચાલે-મ્હાલે, નીચી ન કરે દ્રષ્ટ. કૌતક. ૭૫
પૂણ્ય તણી પેઢી જામેલી, અધર્મથી ઉભરાય;
ધર્મતણો સંચય કરવાનું, છેકજ ભુલી જાય. કૌતક. ૭૬
ભવિષ્ય ભુડું ભાસે ભાઇઓ, અરે! હાય શું થાય?
ખરે ખિલેલી વાડી રૂડી લાગી તેમાં લ્હાય. કૌતક. ૭૭
ધર્મતણું રક્ષણ કરનારા, જોતા નથી લગાર;
બાળે ને બોળે છે પોતે, જોતાં ઠારોઠાર. કૌતક. ૭૮

હોય દુકાનો કમાઇ કરવા, દીસે એવો ઠાઠ;
આડંબર ઉપરથી રાખી,-કરે લક્ષ્મીનો પાઠ. કૌતક. ૭૯
વિવિધ પંથના વાડા વાળી, હુંપદ થકી હણાય,
ગાડરસમ જન ઝટ ઝુકીને, ઝોક વિશે પુરાય. કૌતક. ૮૦
દેવ તણાં મંદીરનો દીસે, દુકાન જેવો ડોળ;
વધ્યો એજ વ્યાપાર વિશેષે, ચાલે પોલંપોલ. કૌતક. ૮૧
પુજારા પોતાને માટે, ખુબ ખેલતા ખેલ;
આજ કેટલું દ્રવ્ય કમાયા, મેળવતા એ મેળ. કૌતક. ૮૨
પ્રભુભક્તિ કે સેવા પુજા, ગણે વ્યર્થ એ વેઠ;
દેવ તણા બ્હાનાની ઓથે, ભરવા ઇચ્છે પેટ કૌતક. ૮૩
વધે વધુ નિત્ય નવી દુકાનો, વળી વધ્યો છે ઢોંગ;
કોણ કહે અટકાવ કરે છ, કહો પુકારી બોંગ. કૌતક. ૮૪
ધર્માચાર્ય અને ગુરૂઓ જ્યાં, લદબદ માયા માંહ્ય;
કહે કેમ ને કોણ સાંભળે, નથી નિર્ખતા કયાંય. કૌતક. ૮૫
વાડ ત્યાંથી જ્યાં ધાડ પડે છે, સરે અરે! કયમ અર્થ;
કળિયુગનો મહિમા છે તેમાં, વદવું ઝાઝું વ્યર્થ. કૌતક. ૮૬
પરમહંસ સાધુ સન્યાસી, ત્યાગી જે કહેવાય;
જુઓ વિલક્ષણ રીતીનીતી, સંસારી શરમાય. કૌતક. ૮૭
સાધુ થયા પણ સાધ્ય ન રાખે, ઇંદ્રિય કેમન લેશ;
વિષયસ્વાદ ઇચ્છે છે અંતર, પ્રપંચપૂર્ણ હમેશ. કૌતક. ૮૮
કાષાયાંબર અંગ ધરે પણ, નથિ બદલાતો રંગ;
વિષયવાસના ટળે ન મનની, વધતો દિસે ઉમંગ. કૌતક. ૮૯
ભેખ પહેરવો સહેલો સૌથી, નહિ મહેનતનું કામ;

પાસ થવાને નથી પારક્ષા, નથી બેસતા દામ. કાૈતક. ૯૦
જટા વધારી ભભૂત ચોળે, કોપીન ધારે અંગ;
ગેરૂ ગાંધી મફત આપશે, ભગવો કરવા રંગ. કાૈતક. ૯૧
ફીકર વીના ફોગટનાં મળતાં, અન ધન રૂડી રીત;
સીદ્ધ દેખીને સીદ્ધી અર્થે, આવે જન અગણીત. કાૈતક. ૯૨
જ્ઞાતી જાતી અને અન્યનો, રહે નહીં ડર લેશ;
દેવતણો પણ ડર નથી દીલમાં, પુછે નહીં પરમેશ. કાૈતક. ૯૩
સ્વતંત્રતા મનગમતી મળતાં, ફરે ચરે જગ માંહ્ય;
હરે હરામી ધન મુરખનું, નડે નહીં કશું ક્યાંય. કાૈતક. ૯૪
મહેનત કે સ્ત્રીથી કંટાળી, લેતાં જન ઝટ ત્યાગ,
કાં કન્યા મળતી નથી તેથી, કૃત્રિમ લે વૈરાગ. કાૈતક. ૯૫
ત્યાગ કરે સંસાર છતાં પણ, રાખે તેમાં રાગ;
કનક કામિની મેળવવાને, સદા શોધતા લાગ. કાૈતક. ૯૬
સંસારીને સદા બાળતી, ચિન્તા વિવિધ પ્રકાર;
ત્યાગીને તલભાર મળે નહીં, વધતો તેથી વિકાર. કાૈતક. ૯૭
સંસારીને હોય સંતતિ, અથવા તો ના હોય;
પણ સાધુ પરિવાર પનોતા, ચેલા ચેલી જોય. કાૈતક. ૯૮
સંસારીને હોય ઉપાધિ, સ્વભાવિક એ વાત;
પણ અદકી સાધુને અંગે, વળગેલી સાક્ષાત. કાૈતક. ૯૯
વેષ ધારી ધન ધૂતી ખાવા, બાવા બનવા ચ્હાય;
ઢેંગ કરીને ફાવે પોતે, લૂંટે દુનિયા હાય ! કાૈતક. ૧૦૦
થઈ ઉપાસક દેવ દેવિના, ઠીક સખતા ઠાઠ;
યુક્તિ હાથ કરી ઠગવાની, ઘાટે ઘડતા ઘાટ. કાૈતક. ૧૦૧

કંઈ ધન્વંતરિ બનીને બેસે, છળવા જનને છેક;
લક્ષ્મીની લલૂતા રાખીને, ભજવે પાઠ અનેક. કૌતક. ૧૦૨
સીદ્ધ અને સાધકની રચના, રચતા રૂડી રીત;
જાળ પાથરી જરૂર ફસાવે, હરવા હોંસે વિત્ત. કૌતક. ૧૦૩
હોય લોભીયા ત્યાં ધૂતારા, ફાવે કરીને ફેલ;
નમતાં ભજતાં આવે નેહે, લાલચમાં લપટેલ. કૌતક. ૧૦૪
સારાસાર ન શોધે કોઇ, સ્વાર્થ વિષે બની અંધ;
સત્યાસત્ય સૂઝે કયમ જનને, છે પોતે મતિમંદ. કૌતક. ૧૦૫
વંઠેલી વનિતાઓ વહેલી, સદ્ય થાયે છે સાધ્ય;
ધુર્ત્તાનંદ ધૂર્તે ધન તેનું, પુજાવે નિજ પાદ. કૌતક. ૧૦૬
ઉપદેશકનો ડોળ દાખવે, સમજાવે વેદાન્ત;
કથા વારતા કહી રીઝવે, હરવા લક્ષ્મી ખાંત. કૌતક. ૧૦૭
તપસી લપસી જાય ત્વરાથી, ન રહે સારાધાર;
બ્રહ્મચર્ય તજી ભ્રષ્ટ બને છે, જુઓ જુઓ નિર્ધાર. કૌતક. ૧૦૮
ડોળ દીગંબર જેવો રાખી, ભાખે રૂડાં વેણ;
પૈસાં ને પરદારા દેખી, અરે! ફેરવે નેણ. કૌતક. ૧૦૯
"પરોપદેશે પાંડિત્યમ" સમ; આચરતા આચાર;
કથે કથામાં તે નવ પાળે, તજે ન વિષય વિકાર. કૌતક. ૧૧૦
છૂટેલા નથી કયમ એ છોડે, સમજે નહી નાદાન;
તન મન ધન અર્પે છે ભાવે, ભૂલી મનનું ભાન. કૌતક. ૧૧૧
યોગસાધનાના બ્હાનાથી, બેસે જઇ એકાન્ત;
તળાંસતી પગતરિયા ત્યાં તો, જુઓ જુઓ વેદાન્ત. કૌતક. ૧૧૨
પાપ પૂણ્ય આત્માથી અળગાં, વળગે કંઇ નહીં પાપ;

બોધ ગ્રહીને જન આચરતાં, કુકર્મ હાય ! અમાપ. કૌતક. ૧૧૩
ભોળી ભામાઓ જાણે કે, મોક્ષદાયી મહારાજ,
સેવા કરતાં સદ્ય આપશે, ઇચ્છીત સૌ સુખ સાજ. કૌતક. ૧૧૪
તન મન ધન સ્વાધિન કરે છે, ધીક અરે ! ધર્માન્ધ;
ડુબીને ડુબાવે દુષ્ટો, કેવળ એ કામાન્ધ. કૌતક. ૧૧૫
મેવાને મિષ્ટાન મળે છે, પીએ કઢેલાં દૂધ;
કહો સાધ્ય કયમ રહે ઇંદ્રિયો, હોય ભલે અવધુત. કૌતક. ૧૧૬
કોઇ કીમિયો કરવાનું કહી, રડાવતા જન રંક;
ભેખ ધારી બહુ ભુંડી રીતે, બગઠગ બન્યા નિશંક. કૌતક. ૧૧૭
કોઇ પુત્ર કે અન્ય સિદ્ધીનો, આચરી કામ્ય પ્રયોગ;
જોગ મેળવી જુવતીઓથી, હાય ! ભોગવે ભોગ. કૌતક. ૧૧૮
લોભ થકી લપટાતી રામા, જાણે સરશે કાજ;
ઝોળીમાંથી પુત્ર આપશે, બાવાજી મહારાજ. કૌતક. ૧૧૯
દોરાધાગા મંત્ર જંત્રની, વાતો કરે વિશેષ;
એથી મોહ ધરે માનવિયો, પુજે ભજે હંમેશ. કૌતક, ૧૨૦
પાખંડી પુજાતા ઝાઝા, મળે તેમને માન:
રળે લક્ષ્મી ને ફળે મનોરથ, જુઓ ઘણા સેતાન. કૌતક. ૧૨૧
ભાવ ભલાનો કોઇ ન પૂછે, હોય ભલે વિદ્વાન;
નિર્મળ સાત્વિક એક, માર્ગિને, મળે નહીં જરી માન. કૌતક ૧૨૨
જ્ઞાની ધ્યાની ગણી અજ્ઞાની, પુજે ભજે ન કોય;
અરે ! કરે અપવાસ બિચારા, દિનસમ દ્રષ્ટે જોય. કૌતક. ૧૨૩
ધમઢોંગી જે ધતિંગ જાણે, માણે રૂડિ મોજ;
કનક કામિની પગમાં પડતાં, રૂડી રીતે રોજ. કૌતક. ૧૨૪

વેષધારી બહુ વધી પડ્યા છે, જુઠા જોગી સંત;
ઓળખાય ક્યમ ખરા હોય તે, ખોળો રાખી ખંત. કૌતક. ૧૨૫
જટા વધારી કોપિન ધારે, કરે તિલક નિજ ભાલ;
આડંબર રાખી ફરનારા, હાય ! ધર્મની ઢાલ. કૌતક. ૧૨૬
ઘરબારી ન ગણાયે તોયે, વિષય વિષે મસ્તાન;
ઘરબારીથી અધિક દુર્ગુણી, વિપરિત તેનું તાન. કૌતક. ૧૨૭
અરે ! આગવા જ્યાં ત્યાં આવા, સાધુ ને પરમંસ;
બ્રહ્મચારી સન્યાસી રાગી, નથી ધર્મનો અંશ. કૌતક. ૧૨૮
સંસારીમાં સડો લગાડે, આડે રસ્તે જાય;
ધર્મવાડીમાં આગ લગાડે, રે ! રે ! ક્યમ ઓલાય. કૌતક. ૧૨૯
કળિયુગના ત્યાગી વૈરાગી, વિચિત્ર તેના વેશ;
માયા માંહી ડુબેલા દેખી, ત્રાસે મન હંમેશ. કૌતક. ૧૩૦
સાધુ સઘ અસાધુ ભાસે, તરી તરાવે કેમ ?
મહાત્મ ખરે કળિયુગનું એ છે, રહે ધર્મ કયમ ક્ષેમ. કૌતક. ૧૩૧
હવે જુઓ ભૂદેવો ભાઇ, સર્વ થકી જે શ્રેષ્ઠ;
હાલહવાલ બન્યા છે બૂરા, પડ્યા સર્વથી હેઠ. કૌતક. ૧૩૨
વર્ણ ચારમાં ગુરૂ ગણાતા, પૂર્વે પૂર્ણ પવિત્ર;
હાય ! હાય ! લઘુતાને પામ્યા, નિરખો ચિત્ર ચરીત્ર. કૌતક. ૧૩૩
વશિષ્ઠ, ભારદ્વાજ અને, કશ્યપ અત્રિ પોલસ્ત;
શાંડીલ આંગીરસના વંશજ, અધર્મમાં છે મસ્ત. કૌતક. ૧૩૪
નિત્ય અને નૈમિત્તીક કર્મો, કરતા જે નિયમીત;
નથી નિપૂણતા હવે જણાતી, રહ્યું ન વિદ્યા વિત્ત. કૌતક. ૧૩૫
વેદ અને સંહિતા મુખ પાઠે, શ્રુતિ સ્મૃતિના જાણ;

અરે! ગયું એ પૂર્વજ સાથે, ખટશાસ્ત્રોનું જ્ઞાન. કૌતક. ૧૩૬
વેદાધ્યયન વિસારી મુકયું, શાસ્ત્રો મુકયાં નેવ;
સંજ્ઞા એ સાચવીને જમતા, ભાવે લાડુ ભુદેવ. કૌતક. ૧૩૭
પ્રમાદવશ થઇ પડ્યા રહે છે, નોતરૂં ઇચ્છે નિત્ય;
જમવાનું જડતાં ખુશી થાયે, લાડુ ઉપર ચિત્ત. કૌતક. ૧૩૮
યોગસાધના કરતા મુનિયો, અતિ વેઠતા કષ્ટ;
તપશ્ચર્યામાં તન્મય રહેતા, અરે! થયા અદૃશ. કૌતક. ૧૩૯
દૃશ જુઓ તો ભુંડા ભાસે, વિચિત્ર પે'રે વેશ;
કામિનીઓની પેઠે કોડે, નિત્ય સમારે કેશ. કૌતક. ૧૪૦
શીખા સૂત્રની સ્પૃહા ન રાખે, અભક્ષ ભક્ષણ ન્હાય;
અપેય પીતાં નથી અચકતા, બ્રાહ્મણ કયમ કે'વાય. કૌતક. ૧૪૧
ચિત્ર ચરિત્ર પવિત્ર ન પેખો, દેખો જો દેખાવ;
બ્રહ્મતેજ ભુંસાઈ ગયું ને, સાત્વિક નથી સ્વભાવ. કૌતક. ૧૪૨
બ્રાહ્મણને ઓળખવો શાથી? અનુચિત સૌ આચાર;
સંધ્યા પુજા ગાયત્રિના, સહજ નહિ સંસ્કાર. કૌતક. ૧૪૩
ભસ્મ કરે તો ભુંડુ લાગે, ત્રીપુંડ્રથી શરમાય;
કપાલ કેશ વડે ઢાંકયાથી, મલેચ્છ સમ દેખાય. કૌતક. ૧૪૪
અસ્પર્શ્યનો કદી થાય સ્પર્શ્ય તો, અતિ પામતા ખેદ;
અત્યંજ સાથે બેસી જમતાં, ગણે નહિ કંઇ ભેદ. કૌતક. ૧૪૫
બ્રહ્મચર્ય દૃઢ ધારણ કરવું, એજ સમજતા ધર્મ;
ભૂલી ગયા એ વાત વિપ્ર સૌ, નથી લગારે શર્મ. કૌતક. ૧૪૬
પૂજાતા પૃથ્વિપતિથી જે, કહેવાતા ભૂદેવ;
ધર્મ કર્મથી ભ્રષ્ટ થતાં એ, શુદ્રની કરતા સેવ. કૌતક. ૧૪૭

ભૂદેવ કે' તે ભાવે નહીં ને, મિસ્તરથી મકલાય;
'મહારાજ' ગોઠે નહીં ઘટમાં, સાહેબ બનવા ચ્હાય. કૌતક. ૧૪૮
અત્યાગ્રહથી દાન ન લેતા, ઘર ઘર ભટકે હાલ;
ભિક્ષા માગી પેટ ભરે છે, જુઓ તેમનો તાલ. કૌતક. ૧૫૦
દાન તણી આશાથી દોડે, કરે ખુશાંમત ખાસ;
કિંચીત કણ કપડાં આપે તો, બને તેમના દાસ. કૌતક. ૧૫૧
કાસીદુ–વાસીદુ કરતા, રે! રે! રૂપી કુમાર;
રસોઇ કરતા પાણી ભરતા, નિર્ગુણા ઠારોઠાર. કૌતક. ૧૫૨
પુત્રી વેચી પેટ ભરે છે, ગણે ન તેમાં પાપ;
મડા સાથ મીંઢળ બાંધ્યાથી, દીકરીઓ દે શાપ. કૌતક. ૧૫૩
લાજે નહીં લઘુશંકા કરતાં, ઉભા ઉભા હોય!
ચરબીવાળા સાબુ ચોળી, જુઓ ભુદેવો ન્હાય. કૌતક. ૧૫૪
કુલ મર્યાદા મુકી ચાલે, અરે! સ્વચ્છંદી સૂત;
વડિલ દેખતાં બીડી ફુંકે, રે! રે! ઘણા કપૂત. કૌતક. ૧૫૫
ચેટક ચા'નું ચિત્તમાં ચોટયું, ચાલે નહીં ક્ષણવાર;
નિત્ય કર્મ એ ન્યાળો નયને. થાતાં પ્રાતઃકાળ. કૌતક. ૧૫૬
પૂર્વે રૂષિઓ અગ્નિહોત્રનું, આચરતા સત્કર્મ;
ધુમ્રપાનમાં આજે સમજે, ભૂદેવ સઘ સ્વધર્મ. કૌતક. ૧૫૭
ગંગોદક પી પ્રસન્ન થાતા, જાણીને ધન્ય ભાગ્ય;
સોડા લેમન પીએ પ્રેમથી રોઝબરીમાં રાગ. કૌતક. ૧૫૮
બીસ્કીટ ખાતાં બીએ નહીં ને, વીદેશનાં કદી હોય;
ભાડભુંજાનાં ભજીયાં પૂરી, ખાય ખાંતથી કોય. કૌતક. ૧૫૯
ચીરૂટને ચા'વેચે વિપ્રો, વળી ભોજનગૃહ ખાસ;

વર્ણવ્યવસ્થા વિછીન્ન કરતાં, ધરે નહીં દીલ ત્રાસ. કૌતક. ૧૬૦
હોટેલોમાં હોંસે હોંસે, રૂષીકુમારો જાય;
જોડા સાથે શીખંડ પુરી, ખમણઢોકળાં ખાય. કૌતક. ૧૬૧
અન્ય વર્ણ સાથે બેસે પણ, જાણે નહીં અનર્થ;
સ્નાન અને સોળાની સમજે, અરે ! ઉપાધિ વ્યર્થ. કૌતક. ૧૬૨
ટેબલ ઉપર ખાવું પીવું, કાચ કોઠીનાં પાત્ર;
ભલે ડોલમાં બોળી આપે, છોછ નહીં તલ માત્ર. કૌતક. ૧૬૩
વેદમંત્રના વદનકમળથી, થતા હતા ઉચ્ચાર;
ગાયન ગાયે જુઓ નાટકી, નથી મરજાદ લગાર. કૌતક. ૧૬૪
યજ્ઞ યાગમાં ઘોષ ગજવતા, સ્વાહાઃ તણો સહાય;
હાય ! ઘાઘરી પેરી ધુમે, પામે છે ફીટકાર. કૌતક. ૧૬૫
રામલીલા કે પાંડવલીલા, કરતા ગામોગામ;
કંપનીઓ નાટકની કહાડી, રળવા ઇચ્છે દામ. કૌતક. ૧૬૬
કપટકળાથી ઝપટ મારતાં, ગણે ન લગીરે પાપ;
સત્યાગ્રહી હતા વિપ્રો તે, મારે ખોટી થાપ. કૌતક. ૧૬૭
નિવૃત્તિ મારગના ઉપાસક, ધરતા હરિનું ધ્યાન;
પાપ પ્રવૃત્તિ વિશે પડ્યા છે, અતી વ્યાપ્યું અજ્ઞાન. કૌતક. ૧૬૮
મહાત્માપદ ધારણ કરી બેસે, તિમીર ટળ્યું નથી લેશ;
દુનિયાંને ઠગવાની યુક્તિ, રચતા રહે હંમેશ. કૌતક. ૧૬૯
કૌતક કળિયુગનાં છે ઝાઝાં, પામે નહિ જન પાર;
હવે પછી વર્ણવવા ધારી, બંધ કરૂં આવાર. કૌતક. ૧૭૦
સત્ય હતું તે સ્પષ્ટ કહ્યું છે, ગણો નહીં મમ દોષ;
લાગે વળગે કદી કોઇને, પણ દેશો નહીં દોષ. કૌતક. ૧૭૧

અધર્મ દેખી અંતર દાઝે, કથ્યું તેટલા કાજ;
મોતિમન પરિતાપ મટાડો, હરિહર હેતે આજ. કૌતક. ૧૭૨

પ્રથમાંક પુર્ણ.

દિવાળીમાં તમે બાનુઓને શું ભેટ આપશો?

દિવાળીમાં બાનુઓને જો ઉમદા વસ્ત્રો આપશો તો થોડો વખત તે તેમના અંગની બાહ્ય સુંદરતા બતાવશે, જો તમે દરદાગીના કે જરઝવેરાત આણી આપશો તો તે ચોરાઇ જવાનો સર્વદા ભય રહેશે, પણ આંતર દીપાવવાને તો તે તદ્દન ઉપયોગી નથીજ તેને માટે તો

શ્રી પાંચાળી ચરિત્ર

અને

ચીર પૂર્તિ.

નું પુસ્તક ભાઇએ બ્હેનને, પિતાએ પૂત્રીને, પતીએ પત્નિને અને મિત્રોએ પરસ્પર મિત્રની સ્ત્રીઓને ભેટ આપવા યોગ્ય છે. એ પુસ્તક પ્રત્યેક સ્ત્રી-પુરૂષોને ધર્મ અને નીતિનો બોધ આપે છે, પ્રભુભક્તિનું સત્ય રહસ્ય સમજાવે છે અને સુફળ સુચવે છે, અબળાઓ ને એમાંથી પતિવૃત ધર્મનું સદશિક્ષણ મળે છે.

વળી ગોલોકવાસી ગોસ્વામી શ્રી દેવકીનંદનાચાર્ય, લેડી લક્ષ્મીબાઇ તે સર જગમોહનદાસનાં ધર્મપત્નિ, શ્રી દ્રૌપદીવસ્ત્રહરણ અને શ્રીકૃષ્ણ પરમાત્માની દર્શનિય ચિત્ર પ્ર

માઓથી ઉક્ત પુસ્તક અલંકૃત છે. આથી બાનુઓને ભેટ આપવાયોગ્ય અનુપમવસ્તુ એકે નથી; માટે વેળાસર મંગાવો સવા રૂપીયામાં સવા લાખ ખર્ચતાં હૃદય દીવ્ય ન દીપે તેવું આ પુસ્તક છે.

મળવાનાં ઠેકાણાં:—

મુંબઇ—પંડિત નારાયણ મુલજી બુકસેલર
કાલબાદેવી રોડ—મુંબઇ.

માસ્તર મગનલાલ જગજીવનદાસ પંડ્યા.
ચાંહલાવાડ નવસારી ભાગોળ—સુરત.

મહીકાંઠા ગેઝેટ ઓફીસ—કાલુપુર રોડ, અમદાવાદ.

સરસ અને સારી શાહી વાપરવી હોયતો,

હેમીલ્ટન વાપરો.

બ્લુબ્લેક શાહી રાઈટીંગ ફ્લુઈડ બ્લુબ્લેક શાહીનો પાઉડર વગેરે તેમજ રબર સ્ટેમ્પીંગ તથા હેમીલ્ટન ટુથ પાઉડર વીગેરે અમારે ત્યાંથી કીફાયત ભાવે મળશે.

મળવાનું ઠેકાણું

પેઇન્ટર એમ. એચ. માસ્તર.
ઠે. કાલુપુર રોડ—અમદાવાદ

અમારે ત્યાં સાઈન બોર્ડ-પાટીયાં વીગેરેનું ચીત્ર કામ થાય છે.

તા. ક. બહારગામ માટે સર આબરૂદાર પ્રમાણીક એજંન્ટો જોઈએ.